
નાટ્યસર્જક
સતીશ વ્યાસ
સંપાદક
ડૉ. ચીમનભાઈ કોળી

NATYASARJAK SATISH VYAS
By : Chimanbhai Koli
inder Prakashan, Gandhi Road, Ahmedabad-380001
2015

ISBN 978-93-82614-45-6

પ્રકાશક
કુણાલ મદ્રાસી
જ્ઞાનમંદિર પ્રકાશન
1760, ગાંધી રોડ, બાલા હનુમાન પાસે,
અમદાવાદ 380 001

❒

પ્રથમ આવૃત્તિ : 2015

❒

લખાણનાં © લેખકના
સંપાદનનાં © સંપાદકના

અર્પણ

ડૉ. કુમારપાળ દેસાઈ
ડૉ. સતીશ વ્યાસ
ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

## મારી વાત...

આધુનિક ગુજરાતી નાટ્યક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવનાર સતીશ વ્યાસનાં નાટકોએ આધુનિકતા ને વાસ્તવિકતાનું રંગમંચીય સફળ દર્શન કરાવ્યું છે. આ માટે લેખકે ક્યારેક પ્રાચીન કથાવસ્તુનો આધાર લીધો છે, પરંતુ તેમાં નિરૂપિત ઘટનાઓ ને પ્રશ્નો તો વર્તમાનના છે. સતીશભાઈની નાટ્યદૃષ્ટિ તથા નાટ્યસૃષ્ટિએ મને નાટકના ઊંડા અભ્યાસ તરફ વાળ્યો છે. આ વિદ્યાગુરુનો નિકટવર્તી પરિચય થયો તેમ તેમ સર્જનના અંતરંગને પામવાના મેં પ્રયત્નો આદર્યા. વિવિધ પૂર્વસુરિઓ તથા મિત્રોના સતીશ વ્યાસના નાટક વિશેના અભિપ્રાયો અમુક સમયાંતરે મળતાં રહ્યા, ઘણીવાર નાટકના પ્રગટ થયા પછીના લેખો વંચાતા ગયા. આ બધાંમાંથી પસાર થતાં આખરે સતીશ વ્યાસનાં નાટકો પરના વિવિધ અભ્યાસલેખોનું સંપાદન કરવાનું સૂઝ્યું. વિદ્વાન વિવેચકો અને આદરણીય મિત્રોએ આ કાર્ય માટે મને પ્રોત્સાહક બન્યા.

મારા આ અભ્યાસના ફળ સ્વરૂપે સતીશ વ્યાસની નાટ્યકળા વિશે તો અભ્યાસીઓ પરિચિત થશે જ, પણ સાથે સાથે તેઓ તેમનાં નાટકોને બહુપરિમાણીય પરિપ્રેક્ષ્યથી તપાસતાં થશે. શિલ્પકાર કોઈ મૂર્તિ ઘડતો હોય ત્યારે જે વ્યક્તિએ મૂર્તિને જે દિશામાંથી જોતો હોય તે તેના વિશેનું વિવરણ કરી શકે. સતીશ વ્યાસનાં અત્યાર સુધીમાં પ્રગટ સંર્વ નાટકોના વિવિધ અભિગમથી લખેલા અભ્યાસલેખોનું આ સંપાદન છે. પ્રસ્તુત સંપાદન સંદર્ભ ગ્રંથ તરીકે તો ઉપયોગી બનશે જ પરંતુ તે સાથે સાથે ગુજરાતી સાહિત્ય અને નાટક વિશેના અભ્યાસીઓને અધ્યયનમાં પૂરક બનશે.

આ સંપાદનકાર્યમાં સહકાર આપનાર તેમ જ મારા શબ્દને આધારે લેખ લખી આપનારા સૌ વિવેચકો, પૂર્વ સૂરિઓ તથા સ્નેહીજનોનો હું હાર્દિક આભારી છું.

— ચીમનભાઈ કોળી

ગુજરાતી વિભાગ
ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી
૧૦-૧૦-૨૦૧૪



• નાટ્યકાર સતીશ વ્યાસ વિશે થોડુંક - ચીમનભાઈ કોળી ૭
૧. પડદાની આરપાર : સતીશ વ્યાસનાં નાટકો : એક દૃષ્ટિપાત.
અવધેશકુમાર સિંગ અનુવાદ : દર્શનાબહેન ત્રિવેદી : ૧૩
૨. શ્રી સતીશ વ્યાસ : નાટ્યકળાના આગવા કસબી
ઋષિકેશ રાવલ : ૨૧
૩. સતીશ વ્યાસનાં નાટકોમાં મનોવૈજ્ઞાનિક અભિગમની ખોજણી
હેતલ ગાંધી : ૨૫

• પશુપતિ :
૪. ગુજરાતી નાટકની શાપમુક્તિ — વિજય પંડ્યા : ૩૧
૫. પ્રાકૃતભાવો અને પરિચિત કથાઘટકનું ચુસ્ત નાટક :
રાજેન્દ્ર મહેતા : ૩૬
૬. એક પ્રયોગશીલ અને મંચનક્ષમ નાટ્યકૃતિ — કાંતિ પટેલ : ૪૬
૭. પશુપતિ : આદિમ કૃતિઓને તાગતું વિલક્ષણ નાટક
પ્રશાંત પટેલ : ૪૯
૮. રૂપાન્તરની લીલા : પશુપતિ — આર. એમ. વેગડા : ૫૨
૯. સર્જકતાનો ઘનીભૂત ઉન્મેષ — પ્રભુદાસ આર. પટેલ : ૫૬
૧૦. પશુપતિ — લતા મુકેશ પંડ્યા : ૬૦

• જળને પડદે :
૧૧. જળને પડદેનો પડદો ઊંચકાતાં — ચન્દ્રકાન્ત ટોપીવાળા : ૬૪
૧૨. વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો પણ તે અહીં નથી,
કારણ કે તે પુનઃજીવિત થઈ ચૂક્યો છે — ચિનુ મોદી : ૬૭
૧૩. 'કાન્ત'ના અંતરંગ જીવનનો કલાત્મક નાટ્યપ્રયોગ ચીમન કોળી : ૬૯
૧૪. 'આજ, મહારાજ ! નાટ્ય પ્રયોગ જોઈને....' — સંજય ભાવે : ૭૭
૧૫. 'જળને પડદે' : કાન્તનું પુનરુત્થાન — આનંદ વસાવા : ૭૯
૧૬. જળને પડદે — યોગેન્દ્ર પારેખ : ૮૪
૧૭. કેફિયત (જળને પડદે) — સતીશ વ્યાસ : ૮૭

વિશ્વસાહિત્યના જ્ઞાને તેમની સર્જનાત્મકતાને સંવર્ધિત કરી છે. [illegible] એક જ પાત્ર દ્વારા વિવિધ પાત્રની ભજવણી અને નામ[illegible]ચ્યાએ નંબર વાપરવાની કલાએ જુદો અભ્યાસ માગી લે તેવા વિષયો છે. તેઓ કામિનીને કામરૂની મહારાણી બનાવે છે તો ભામિની (ગુસ્સાવાળી સ્ત્રી) અને યામિની (રાગિ) ને લવંગિકા સાથે સંબંધ બાંધતી કલ્પી શકે છે.

સતીશ વ્યાસે પુરાકલ્પન અને આર્કેટાઈપલ પેટર્નનો સુંદર ઉપયોગ કર્યો છે. અંગુલિમાલમાં ભલે તેમણે પુરાકલ્પનના ઉપયોગનો અસ્વીકાર કર્યો હોય, પણ સંગમ શરણમ્ ગચ્છામિ, ધમ્મં શરણમ્ ગચ્છામિના ગાન દ્વારા અંગુલિમાલના બૌદ્ધ કથાનક સાથેના સંબંધને ઈંગિત કર્યો છે. કામરૂમાં મચ્છેન્દ્રનાથ, ગોરખનાથ અને નવનાથની કથાઓ 'જળને પડદે'માં કચ-દેવિયાની, પાંડુ-માદ્રિ વગેરે પાત્રોનો સુનિયોજિત ઉપયોગ થયો છે તેમનાં નાટકોમાં જાણીતી ઘટનાઓના ઉપયોગ દ્વારા પાત્રના જીવનમાં આવતા અજ્ઞાન અનાગત તરફ નિર્દેશ કર્યો છે. તેમનાં ત્રણેય નાટકો ગ્રીક ટ્રેજેડીની સંકલ્પનાથી કંઈક અંશે જુદા પડે છે. નાટ્યકારને ઊંડે ઊંડે પણ મનુષ્યજાતિના ઉત્તમ ભવિષ્ય વિશે આશા છે. કામરૂ મનુષ્યસ્વભાવના સ્વીકાર સાથે અંત પામે છે, જ્યારે અંગુલિમાલમાં વર્તમાન રાજકીય રીતિ અને મુલ્યના હ્રાસ તરફ અંગુલિનિર્દેશ છે. 'જળને પડદે'ના અંતે કાન્તનું ટ્રેનમાં મૃત્યુ એ મનુષ્યમાત્રની શાશ્વત શાંતિની ઝંખનાનો નિર્દેશ કરે છે. કવિના પ્રશ્નો ભલે અંગત હોય પણ અંગત હોવા સાથે તે એટલા જ સાર્વત્રિક પણ છે. કવિની જેમ કલાકાર પણ શાશ્વત મુસાફર છે. આ સતત ચાલતી જીવનની ગતિમાં કાન્ત હોય કે ન હોય પણ મનુષ્યહૃદયની શાશ્વતશોધ અવિરત જ રહેશે. આ શોધ નિરંતર છે. એટલે જ અંતહીન પણ છે. ત્રણેય નાટકો એક રીતે જોઈએ તો આંગીરામનું અંગુલિમાલમાં થતું રૂપાંતર, કામિનીનું સહજ નારીમાં થતું રૂપાંતર અને કાન્તનું પરિવર્તન અને પુનઃપરિવર્તનનું ચક્ર એ રીતે સ્વરૂપાંતરની પ્રક્રિયાનું મૂર્ત સ્વરૂપ છે. નાટ્યકાર વિશ્વમાં બનતી ઘટનાઓને જુએ છે, અને આ ઘટનાઓને નાટ્યસ્વરૂપમાં પરિવર્તિત કરે છે. આ સ્વરૂપપરિવર્તન સતીશ વ્યાસના નાટકોનો પ્રાણ છે.

(સતીશ વ્યાસનાં નાટકોની અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનામાંથી)

## સતીશ વ્યાસ : નાટ્યકળાના આગવા કસબી

પ્રા. ડૉ. ઋષિકેશ ય. રાવલ

શ્રી સતીશભાઈનું 'પશુપતિ' મૂળમાં તો ૧૯૯૯ના 'શબ્દસૃષ્ટિના દીપોત્સવી અંકમાં છપાયેલ એકાંકી હતું પરંતુ એની કથાવસ્તુની વિસ્તરવાની ક્ષમતાને આધારે સર્જકે એને દીર્ઘનાટકમાં રૂપાંતરિત કર્યું છે. સર્જકનું આ પ્રથમ દીર્ઘ નાટક છે. મિત્રશ્રી ચીમનભાઈના સૂચનથી જ્યારે મને આ નાટકમાંથી પસાર થવાની તક મળી ત્યારે એક અધ્યાપકની સજ્જતાથી આ નાટક વંચાતું ગયું તથા રંગકર્મીની નિષ્ઠાથી મારી માનસરંગભૂમિ ઉપર ભજવાતું પણ ગયું, અને લગભગ ૧૫ વર્ષ પહેલાં આઈ. એન. ટી. - ગુજરાત સમાચારની આંતર કૉલેજ એકાંકી સ્પર્ધાના પ્રથમ વર્ષે જ ફાઈનલમાં અમે કવિશ્રી સુંદરમ્ દ્વારા અનુવાદિત નાટક 'ભગવદ્દજ્જુકીયમ્' ભજવેલું તેનું પરકાયાપ્રવેશના કથાવસ્તુનું સ્મરણ તાજું થયું.

"મીથ" અને "ફેન્ટસી"નો અનેક સર્જકોએ માનસિક સંકુલતા અને સંવેગોને પ્રગટાવવા માટે સફળ પ્રયોગ કર્યો છે, જેનું એક વધુ ઉત્તમ ઉદાહરણ આ કૃતિથી પ્રાપ્ત થાય છે. પુરાકલ્પનના અદ્‌ભુત પ્રયોગ વડે સ્ત્રી-પુરુષના સંબંધોનું વ્યંજનાસભર રીતે આલેખન થયું છે. પુરુષને વૃષભ બનાવી પોતાના કરી રાખતી 'કામરૂ' દેશની રમણીયોની દંતકથાનો અને લગભગ દરેક પુરુષમાં અંદર છુપાયેલા પશુત્વને પ્રગટ કરવાનો સુપેરે પ્રયોગ થયો છે. કૌમાર્યમાંથી કૌમાર્યભંગ તરફ ગતિ કરતી નવોઢા વૃષભત્વનું આરોહણ થઈ ગયેલા પુરુષથી ભયની લાગણી અનુભવે અને ક્રમિક રીતે એ ભયનું પ્રીતિમાં રૂપાંતરણ એકનિષ્ઠ નારીના પાત્રનું સર્જન કરે છે ત્યાં સુધી કે પશુત્વવિહીન પતિ પણ પરાયો લાગે. આ ઘટનાનું આધુનિક મનોવૈજ્ઞાનિકો ચોક્કસપણે સમર્થન કરશે એમાં શંકા નથી. અલબત્ત; આવા પશુત્વમાં રૂપાંતરણના પ્રતીકનો પ્રયોગ કરવામાં મને લાગે છે કે કેટલાંક દશ્યોમાં એ રૂપક નર-નારીના સંબંધની તીવ્રતાનું દ્યોતક હોય એવું અનુભવાય. જેમ કે, ગોત્રાટ વ્રત પ્રસંગે ગાયને ઋષભમાં